# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: MONDAY** **National News**

આકાશવાણી – OPENING TUNE –

સમાચાર અનિલ પટેલ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે 8 વાગ્યે રાષ્ટ્રને સંબોધન કરશે
2) લશ્કરની ત્રણેય પાંખોનાં વરિષ્ઠ અધિકારીઓએ ઓપરેશન સિંદુર અંગે ભારતની મજબૂત સંરક્ષણ પ્રણાલિ અને તૈયારીની વિસ્તૃત માહિતી આપી
3) સુપ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી
4) અમેરિકા અને ચીન 90 દિવસ માટે એકબીજાની ચીજવસ્તુઓ પરની જકાતમાં નોંધપાત્ર ઘટાડો કરવા સંમત
5) શેરબજાર સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટી ચાર ટકા સુધી વધ્યાઃ 2025માં ટોચનાં સ્તર પર બંધ

..........................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## PM-ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાત્રે 8 વાગ્યે રાષ્ટ્રને સંબોધન કરશે. 22મી એપ્રિલે પહલગામમાં આતંકવાદી હુમલા પછી ભારત દ્વારા શરૂ કરવામાં આવેલા ઓપરેશન સિંદૂરના પગલે શ્રી મોદી આ સંબોધન કરશે.

આજે બપોરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ તથા અનેક વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## DEFENCE BRIEFING

લશ્કરની ત્રણેય પાંખોના વરિષ્ઠ અધિકારીઓએ આજે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતની મજબૂત સંરક્ષણ પ્રણાલી અને તૈયારીની વિસ્તૃત માહિતી આપી.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ એર ઓપરેશન્સ, એર માર્શલ એ. કે. ભારતીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની લડાઈ આતંકવાદીઓ અને તેમના સહાયક માળખા સાથે હતી, પાકિસ્તાની સેના સાથે નહીં. નવી દિલ્હીમાં ઓપરેશન સિંદુંર અંગે માહિતી આપતા એર માર્શલ ભારતીએ જણાવ્યું કે, પાકિસ્તાની સેનાએ દરમિયાનગીરી કરીને આતંકવાદીઓને

સમર્થન આપવાનું પસંદ કર્યું, જેના કારણે ભારતીય સશસ્ત્ર દળોને જવાબ આપવા માટે મજબૂર થવું પડ્યું.

એર માર્શલ ભારતીએ ઓપરેશન સિંદૂર દરમિયાન કેવી રીતે ભારતીય દળોએ દેશના નાગરિક અને લશ્કરી માળખાને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડ્યું તે વિશે વિગતો આપી હતી.

(બાઇટ- એ.કે. ભારતી)

એર માર્શલ ભારતીએ જણાવ્યું કે, ભારતે પાકિસ્તાનનાં નુર ખાન એરબેઝ અને રહીમ યાર ખાન એરબેઝને નષ્ટ કર્યા છે.

ભારતની હવાઇ સંરક્ષણ પ્રણાલિનો ચિતાર આપતા ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટ્રી ઓપરેશન્સ-DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઇએ જણાવ્યું કે, પાકિસ્તાની હવાઇ દળે ભારતનાં હવાઇ ક્ષેત્ર અને માળખા પર કરેલા હૂમલાને ભારતનાં ડ્રોન અને બહુસ્તરીય સંરક્ષણ પ્રણાલિ દ્વારા નિષ્ફળ કરવામાં આવ્યો હતો.

(BYTE LT GEN RAJIV GHAI ON PAK DRON)

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઇએ કામગીરીમાં સહકાર આપવા બદલ સરહદ સલામતી દળ-BSFની પ્રશંસા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું ઓપરેશન સિંદૂર સામેની તમામ પ્રકારની કાર્યવાહીમાં લશ્કરની ત્રણેય પાંખો વચ્ચે સંપૂર્ણ તાલમેલ રહ્યો છે. તેમણે કહ્યું કે સરકાર, વિવિધ વિભાગો, એજન્સીઓ અને દેશના 140 કરોડ લોકોનું તેમને સંપૂર્ણ સમર્થન હતું.

(BYTE - LT GEN RAJIV GHAI ON BSF)

પત્રકાર પરિષદમાં ડાયરેક્ટર જનરલ ઓફ નેવેલ ઓપરેશન્સ વાઇસ એડમિરલ એએન પ્રમોદે જણાવ્યું કે, નૌકાદળ એક સંયુક્ત નેટવર્ક

દળ તરીકે કામ કરે છે જે એક સાથે તમામ ક્ષેત્રોમાંથી ઉદભવતા જોખમોનું સમાધાન કરવામાં સક્ષમ છે. તેમણે જણાવ્યું કે, બહુવિધ સેન્સર્સ અને માહિતીનો ઉપયોગ કરીને ભારતીય નૌકાદળ આવનારા પડકારોને નિષ્ફળ બનાવવા સતત દેખરેખ રાખી રહી છે.

તેમણે જણાવ્યું કે, વર્તમાન સંઘર્ષમાં મોટી સંખ્યામાં મિગ 29 ફાઇટર્સ અને એરબોર્ન અર્લી વોર્નિંગ હેલિકોપ્ટર્સ ધરાવતા નૌકા દળનાં વિમાનમાહક જહાજોની હાજરીને કારણે દુશ્મનનાં તમામ શંકાસ્પદ અથવા પ્રતિકૂળ વિમાનોને સેંકડો કિલોમીટરની અંદર અટકાવવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## NDMA ADVISORY

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ-NDMAએ નાગરિકો માટે એક માર્ગદર્શિકા બહાર પાડી છે. લોકોને કહેવામાં આવ્યું છે કે, કોઈ પણ શંકાસ્પદ વસ્તુને સ્પર્શ ન કરે, કારણ કે તે વિસ્ફોટક હોઈ શકે છે. NDMAએ જણાવ્યું હતું કે જો લોકોને કોઈ શંકાસ્પદ વસ્તુ મળે તો તેમણે તાત્કાલિક સ્થાનિક અધિકારીઓને જાણ કરે.

. . . . . . . . . . . . . . . .

## VIRAT KOHLI RETIRE

ભારતના પ્રસિધ્ધ ખેલાડી વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. આ સાથે ટેસ્ટ ક્રિકેટમાં તેમની ૧૪ વર્ષની

શાનદાર સફરનો અંત આવ્યો છે. કોહલીએ સોશિયલ મીડિયા દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી હતી..

તેઓ 2024માં ટી- ટ્વેન્ટી વિશ્વકપમાં ભારતની જીત બાદ ટી-20 ફોર્મેટમાં નિવૃત્તિ લઈ ચૂક્યા છે. ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર મદનલાલે કોહલીની નિવૃત્તિ અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE – મદનલાલ, ભૂતપૂર્વ ક્રિકેટર)

વિરાટે ટેસ્ટ ક્રિકેટમાં ૧૨૩ મેચોમાં ૪૬.૮૫ ની સરેરાશથી નવ હજાર ૨૩૦ રન બનાવ્યા છે.. પોતાની ૧૪ વર્ષની ટેસ્ટ કારકિર્દીમાં તેઓ સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ અને સુનીલ ગાવસ્કર પછી ભારત માટે ચોથા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યા છે.

કોહલીએ ૬૮ ટેસ્ટમાં ટીમનું નેતૃત્વ કરીને 40માં વિજય અને ૧૭માં પરાજય મેળવ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## EVE. KHELO INDIA BIHAR

બિહારમાં રમાઇ રહેલા ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સના નવમા દિવસે પણ મહારાષ્ટ્રનું વર્ચસ્વ યથાવત્ રહ્યું. મહારાષ્ટ્રે અત્યાર સુધી 33 સુવર્ણ અને 26 રજત સહિત 84 ચંદ્રક જીત્યા છે. કર્ણાટક 44 ચંદ્રક સાથે બીજા સ્થાને તો રાજસ્થાન 27 ચંદ્રક સાથે ત્રીજા સ્થાને છે. આજે ફુટબોલ, હોકી, બોક્સિંગ, કબડ્ડી અને યોગાસનમાં તીવ્ર સ્પર્ધા જોવા મળી.

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## US-CHINA TRADE TALKS

એક આશ્ચર્યજનક સફળતામાં, અમેરિકા અને ચીન આજે પ્રારંભિક 90 દિવસના સમયગાળા માટે એકબીજાની ચીજવસ્તુઓ પરની જકાતમાં નોંધપાત્ર ઘટાડો કરવા સંમત થયા છે. આ નિર્ણયને પગલે વેપાર યુધ્ધ હળવું બન્યું છે અને વૈશ્વિક શેર બજારોને વેગ મળ્યો છે.

વિશ્વનાં ટોચનાં બે અર્થતંત્રોના અધિકારીઓ દ્વારા સ્વિત્ઝર્લેન્ડના જિનિવામાં ગયા સપ્તાહના અંતે વેપાર મુદ્દે સઘન સોદાબાજી બાદ આ જાહેરાત થઈ છે.

સંયુક્ત નિવેદન પ્રમાણે, અમેરિકા ચીનની વસ્તુઓ પરની જકાત બુધવારથી 145 ટકાથી ઘટાડીને 30 ટકા કરશે, જ્યારે ચીન અમેરિકાની ચીજોની આયાત પરની જકાત 125 ટકાથી ઘટાડીને 10 ટકા કરશે.

. . . . . . . . . . . . . . .

# MARKET

ભારતીય શેરબજારમાં આજે નોંધપાત્ર તેજી જોવા મળી. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામ સમજૂતી અને અમેરિકા - ચીન વચ્ચે વેપાર સંધિની જાહેરાત સહિતનાં સકારાત્મક વૈશ્વિક સંકેતોને પગલે બંને ઇક્વિટી સૂચકાંકો 2025માં તેમના ઉચ્ચતમ બંધ સ્તર પર બંધ થયા હતા. 30 શેરોનો ઇન્ડેક્સ બીએસઇ સેન્સેક્સ 2 હજાર 975 પોઇન્ટ અથવા 3.74 ટકા વધીને 82 હજાર 430 પોઇન્ટ પર બંધ થયો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી-50 971 પોઇન્ટ એટલે કે 3.82 ટકા વધીને 24 હજાર 925 પોઇન્ટ પર બંધ થયો હતો. મિડ-કેપ ઇન્ડેક્સ 3.8 ટકા અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ 4.1 ટકા વધ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# BUDDH PURNIMA

આજે ભારત સહિત વિશ્વનાં અનેક દેશોમાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. આજનાં દિવસે ગૌતમ બુદ્ધનો જન્મ અને પરિનિર્વાણ થયું હતું. આજનાં દિવસે તેમને બિહારનાં બોધગયામાં મહાબોધિ વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

બુદ્ધ પૂર્ણિમા ભારત, નેપાળ, ભૂતાન, બર્મા, થાઇલેન્ડ, તિબેટ, કોરિયા, લાઓસ, વિયેતનામ, મંગોલિયા, કંબોડિયા, સિંગાપોર, ઇન્ડોનેશિયા અને શ્રીલંકાના બૌદ્ધો અને હિંદુઓનો મુખ્ય તહેવાર છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુદ્ધ પૂર્ણિમાની શુભેચ્છાઓ આપી છે.

. . . . . . . . . . . . . . . . .

## RUSSIA UKRAIN MEETING

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ રશિયા સાથેનાં સંઘર્ષને સમાપ્ત કરવા માટે તુર્કીમાં તેમના રશિયન સમકક્ષ વ્લાદિમીર પુતિન સાથે ચર્ચા કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. આજે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ કહ્યું કે, તેઓ યુદ્ધને સમાપ્ત કરવા માટે વાત કરવા તૈયાર છે.

આ અગાઉ, અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન દ્વારા પ્રસ્તાવિત વાટાઘાટો માટે તાત્કાલિક સંમત થવા હાકલ કરી હતી. આ વાટાઘાટ ગુરુવારે તુર્કીયેમાં થઈ શકે છે.

. . . . . . . . . . . . . . . . .